ગાંધીનગર સમાચાર

૫૦૦ની નવી નોટ ન આવતાં હજુ ગ્રાહકો નાની નોટથી ચલાવે છે

# શહેરની બેંકોમાં છ દિવસમાં ૭૦૦ કરોડ ડિપોઝીટ થયા

## ૧૦મી નવેમ્બરથી સતત કાર્યરત બેંકોની શાખાઓમાં નાગરિકોની અવિરત લાઈનો : શહેરની ૫૦થી વધુ બેંક શાખાઓમાં રોજના ૫૦ લાખથી ૨ કરોડ સુધીની રકમ જમા થાય છે : હજુ આગામી દિવસોમાં વધુ નાણાં જમા થવાની શક્યતાઓ



"છેલ્લા છ દિવસથી અમારી બેંકનો સંપૂર્ણ સ્ટાફ સવારના ૯ થી રાત્રિના ૧૨ કે ૨ વાગ્યા સુધી કાર્યરત રહે છે, સાંજે સાત વાગે ટ્રાન્ઝેક્શન પુરૂ કર્યા બાદ બાકીની કાર્યવાહી આટોપવામાં મોડી રાત્રિ સુધી બેંકમાં હાજર રહેતા હોવા છતાં તમામ કર્મચારીઓ પોતાની ફરજ સમજીને વહેલી સવારે બેંકમાં આવી પહોંચે છે, અમે ગ્રાહકોને ઓછામાં ઓછી તકલીફ પડે અને સરળતાથી તેમનું કાર્ય થાય તે માટે સતત પ્રયત્નશીલ છીએ અને રહીશું."

**- કે.એચ. પટેલ**
**સિનિયર મેનેજર, દેના ગુજરાત ગ્રામીણ બેંક, સે. ૭**

ગાંધીનગર, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તા. ૮મી નવેમ્બરે ૫૦૦, ૧૦૦૦ની ચલણી નોટો રદ કરવાની જાહેરાત કરવા સાથે આ નોટો બદલાવવા માટે નાગરિકોને ૫૦ દિવસનો સમયગાળો આપ્યો છે. તા. ૧૦મી નવેમ્બરથી સતત ચાલુ રહેલી બેંકો પર આ રદ થયેલી ચલણી નોટો બદલવા નાગરિકોની લાંબી લચ્ચક કતારો જોવા મળી રહી છે. ગાંધીનગરમાં પ્રાપ્ત વિગતોના આધારે એક અંદાજ મુજબ આ પાંચ દિવસના સમયગાળામાં આશરે ૭૦૦ કરોડ રૂપિયા બેંકોમાં જમા થવા પામ્યા છે. અને હજુ નાણાંનો અવિરત પ્રવાહ ચાલુ જ છે.

દેશભરમાં કાળા નાણાંને નાબૂદ કરવા અને સંઘરાયેલા ધનને બહાર કાઢવાના હેતુથી વડાપ્રધાને આકરો નિર્ણય લીધો છે. જેના પરિપાક રૂપે નાગરિકોએ ૫૦૦, ૧૦૦૦ની ચલણી નોટો બેંકમા જમા કરાવવા દોટ મુકી છે. શહેરની આશરે ૫૦થી પણ વધુ વિવિધ બેંકોની શાખાઓમાં દરરોજ સરેરાશ ૫૦ લાખથી ૨ કરોડ સુધીની રોકડ રકમ જમા થઈ રહી છે. સરેરાશ અંદાજ મુજબ તા. ૧૦મીથી પ્રારંભ થયેલ આ કવાયતમાં આજ સુધીમાં શહેરની વિવિધ બેંકોમાં મળીને આશરે રૂપિયા ૭૦૦ કરોડથી વધુની રકમ ડિપોઝીટ થવા પામી છે. નાણાંના આ અવિરત પ્રવાહને રિસીવ કરવાના કાર્ય માટે મોટાભાગની દરેક બેંકનો ૮૦ ટકાથી વધુ સ્ટાફ રોકાયેલો છે. તેમજ આ સ્ટાફ સવારના ૯ વાગ્યાથી રાત્રિના ૧૨ વાગ્યા સુધી કાર્યરત રહેતો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં પણ જ્યાં આમ તો કર્મચારી વર્ગની વિશેષ ઉપસ્થિતિ છે ત્યાં શહેરની બેંકોમાં અઢળક નાણાનો પ્રવાહ ઠલવાઈ રહ્યો છે. નગરજનો લાંબી લચ્ચક લાઈનોમાં ઉભા રહી જુની નોટો જમા કરાવી રહ્યાં છે. અને તેની સામે સરકારે નિશ્ચિત કરેલ મર્યાદા અનુસાર જરૂરિયાત મુજબની નવી ચલણની નોટો પ્રાપ્ત કરી રહ્યાં છે. હજુ આગામી દિવોસમાં પણ આ કાર્યવાહી સતત ચાલુ રહેવાની હોવાથી ખૂબ મોટા પ્રમાણમાં રોકડ રકમ બેંકોમાં જમા થશે તેવું જણાઈ રહ્યું છે.



"અમને આરબીઆઈમાંથી મળતો નવી નોટોનો જથ્થો અપૂરતો લાગે તેટલી ગ્રાહકોની માંગ હોય છે. ઘણીવાર અમારે ગ્રાહકોને વિનંતી કરી નવી કરન્સી નોટો ઓછી હોય તો તે મુજબ તેનું એક્ષચેન્જ કાર્ય કરવુ પડે છે. અમારા કર્મચારીઓ વહેલી સવારથી મોડી રાત્રી સુધી સતત કાર્યરત રહે છે. જે સામાન્ય દિવસો કરતા આશરે ૩ થી ૫ કલાક વધી જાય છે, વળી, કરન્સી રિસીવનું કાર્ય કરતા કર્મચારીઓ તથા કન્ટ્રોલીંગ ઓફિસર વગેરેને તો ૨૪ કલાક જેટલી ડ્યુટી થઈ જાય છે."

**- એન.પી. ભુટાની**
**ચીફ મેનેજર પંજાબ નેશનલ બેંક, સે. ૧૬**

# હીરાબા પહોંચ્યા બેંક પર નોટ બદલવા





પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માતાએ દેશને ઉદાહરણ પુરું પાડ્યું છે... પાટનગરના પાદરે રાયસણ ખાતે બેંક પર પહોંચી હીરાબાએ રૂ. ૪૫૦૦ની જુની નોટ આપી નવી નોટ મેળવી હતી... નોટબંધીની જાહેરાત બાદ દેશના સામાન્ય નાગરિકોની જેમ હીરાબા પણ બેંક પર પહોંચી પોતાની પાસેની જુની નોટો આપી નવી નોટ મેળવી હતી... પ્રધાનમંત્રીશ્રીના ૯૫ માતાશ્રી હીરાબાએ ફોર્મ પર અંગુઠો મારી બેંકના કર્મચારીઓને સુપરત કરતા વિધિવત રીતે ફોર્મની ચકાસણી કરાઈ હતી અને ત્યારબાદ નોટીની ફેરબદલી કરાઈ હતી. ૨૦૦૦ રૂપિયાની નવી નોટ હાથમાં પકડતા જ હીરાબાએ ખુશી વ્યક્ત કરી હતી... અગાઉની જેમ હીરાબા પોતાના પુત્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સુભાષિશ આપી દેશને નવી દિશા આપવાની શક્તિ ભગવાન આપે એવી પ્રાર્થના કરી હતી...

# ૫૦૦ની નવી નોટ ન આવતાં હજુ ગ્રાહકો નાની નોટથી ચલાવે છે

## નવી નોટ્સને લઈ ઉત્તેજના જરૂર છે પણ લોકો હાલ વ્યવહારો સામાન્ય થાય તેમાં વધુ વ્યસ્ત છે

ગાંધીનગર, તા. ૧૫

કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ રદ કરાયા પછી પણ હજુ ગાંધીનગર જિલ્લામાં નવી જારી કરાયેલી રૂ. ૫૦૦ની નોટ્સ આવી નથી. જ્યારે રૂ. બે હજારની નોટ્સ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાનું બેંકિંગ ક્ષેત્રના વિશ્વસનીય સૂત્રોનું કહેવું છે.

એકાએક સરકાર દ્વારા નોટ્સ રદ કરવાના નિર્ણય બાદ છેલ્લા પાંચ દિવસથી લોકો જુના દરની નોટ્સ જમા કરાવી રહ્યા છે. આ સામે બેંકો દ્વારા પ્રથમ ચાર દિવસ રૂ. ૪ હજાર અને આજથી રૂ. ૪૫૦૦ બદલી આપવામાં આવે છે.

એ.ટી.એમ. મશીનો અને નાના દરની નોટ્સનું વિતરણ કરી સ્થિતિને હળવી બનાવવાના બેંકોના પ્રયાસમાં હવે નાના દરની નોટ્સનો જથ્થો પણ ઘટવા આવ્યો છે. આથી હવે ૧ નોટ બે હજારની અને પચ્ચીસો રૂ. નાના દરની નોટ્સ બેંકો દ્વારા અપાઈ રહી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં રૂ. ૭૦૦ કરોડ જેટલી નોટ્સ ડિપોઝીટ થઈ ગઈ હોવાનો અંદાજ છે. જ્યારે રૂ. ૩૦૦ કરોડની નોટ્સ નવી બજારમાં આવી ગઈ છે.

રૂ. ૫૦૦ના દરની નોટ્સ હજુ બજારમાં આવી ન હોવાથી જથ્થાબંધ લેણી દેણીમાં તકલીફો પડી રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ ઉપરાંત છુટા પૈસાની પણ ફરિયાદો ઉઠવા પામી છે.


બેંકીંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે રૂ. ૫૦૦ની નોટ્સ આવતાં જ હજુ બે-ત્રણ દિવસનો સમય લાગશે. મોટા શહેરોમાં પહેલાં નવી નોટ્સ સપ્લાય કરવામાં આવશે અને આ પછી નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં નોટ્સ પહોંચાડવામાં આવશે.

રૂ. બે હજારની નોટ્સ હજુ વધુ પ્રચલિત બની નથી અને લોકો પણ નોટ્સ સાથે વ્યવહાર કરવામાં ખચકાટ અનુભવી રહ્યા છે. નાના દરની નોટ્સની ડિમાન્ડ વધી રહી છે. આ સંજોગોમાં એકાદ-બે દિવસમાં

● અનુસંધાન પાન-૭ પર

નૂતન વર્ષાભિનંદન
પ્રાંતિજ શહેરના સર્વેને નવા વર્ષની શુભ કામના પાઠવીએ છીએ, સર્વનું નવું વર્ષ ફળદાયી અને આરોગ્ય માટે તંદુરસ્તી દક્ષે તેવી પ્રાર્થના
અમરીશભાઈ સોમાભાઈ પટેલ
પ્રમુખ પ્રાંતિજ શહેર કોગ્રેસ

શ્રધ્ધાંજલિ



સ્વ. સુરેશભાઈ વી. શુકલ
જન્મ : ૬/૧૨/૧૯૪૦
સ્વ. તા. ૧૬-૧૧-૧૯૮૩
જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત,
એ સનાતન સત્ય હોવા છતાં,
કેટલાક મૃત્યુ એવા હોય છે કે,
તેના ઘાવ કદી રૂઝાતા નથી
તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના...
શારદાબેન સુરેશભાઈ શુકલ
પુત્ર સમીર સુરેશભાઈ શુકલ — પુત્ર જતીન સુરેશભાઈ શુકલ
વર્ષા સમીરભાઈ શુકલ — સ્વાતી જતીન શુકલ
યશ સમીરભાઈ શુકલ — રૂદ્રી જતીન શુકલ
સૌમ્યા સમીરભાઈ શુકલ — પ્રભાસ જતીન શુકલ
પુત્રી માધવી ઉમેશ યાજ્ઞિક
પાટનગર ટુડે (દૈનિક) અને ઢળતીસાંજ (દૈનિક) પરિવાર

પ્રાંતિજ તાલુકા પંચાયત કચેરી
નૂતન વર્ષાભિનંદન
મહેન્દ્રસિંહ કે.બારૈયા ધારાસભ્યશ્રી પ્રાંતિજ/તલોદ
દક્ષાબેન એસ.રાઠોડ તાલુકા પ્રમુખ
વિષ્ણુભાઈ પટેલ ઉપપ્રમુખ
બહેચરસિંહ રાઠોડ અદ્યક્ષ
નુતન વર્ષ નિમિતે પ્રાંતિજ તાલુકાના તમામ ભાઈઓ બહેનો, યુવાનો તથા સર્વેને નવા વર્ષની શુભકામનાઓ પાઠવીએ છીએ.
નવુ વર્ષ સૌને ફળદાઈ અને આરોગ્ય માટે તંદુરસ્તી દક્ષે તેવી પ્રાર્થના
કારોબારી સભ્યો
મંજુલાબેન બળવંતસિંહ મકવાણા
હંસાબા જીતેન્દ્રસિંહ ઝાલા
ગંગાબેન અરવિંદભાઈ બરંડા (સામાજીક ન્યાય.સ.)
ચુપાબેન કાળાજી મકવાણા
આશાબેન કનુસિંહ ઠાકોર
કેશરબેન અશોકકુમાર મકવાણા (દંડક)
ઉર્વશીબેન રીકેશભાઈ પટેલ
રમતુસિંહ બહેચરસિંહ મકવાણા
રામાજી નેનાજી મકવાણા
કૌશિકકુમાર રામાભાઈ પટેલ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

નૂતન વર્ષાભિનંદન
શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે
સર્વ શિક્ષા અભિયાન ટીમ
પ્રાંતિજ
નૂતન વર્ષાભિનંદન પાઠવે છે

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com